| GJBK090016002025 | | | | |
|---|---|---|---|---|
| | **દાખલ તારીખ** | **૦૩/૧૦/૨૦૨૫** | | |
| | **રજુ તારીખ** | **૦૩/૧૦/૨૦૨૫** | | |
| | **ફેસલ તારીખ** | **૦૨/૦૪/૨૦૨૬** | | |
| | **સમય ગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | | ૦૦ | ૦૫ | ૨૯ |

**ધાનેરાના મહેરબાન જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી ફર્સ્ટ કલાસ શ્રી હરપ્રિત સીંધ સાહેબની કોર્ટમાં,**
**મુકામ : ધાનેરા**

આંક :-

ફરીયાદી :- દશરથભાઈ ચંદુભાઈ બારોટ,
રહે.તુરીવાસ,બુરાલ,તા.ડીસા જી.બનાસકાંઠા.

**<u>વિરૂધ્ધ</u>**

આરોપીઓ :- (૧) આચાર્યશ્રી, ખીંમત પગાર કેન્દ્ર પ્રા.શાળા,ખીંમત.
(૨) આચાર્યશ્રી, શ્રીમતિ કે.ડી.આર.પુરોહીત ગાયત્રી વિદ્યાલય,ખીમંત.
(૩) જીલ્લા શિક્ષણાધિકારી,પાલનપુર.
(૪) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર

**ગુન્હો :- ગુજરાત સેકન્ડરી એજ્યુકેનશન રેગ્યુલેશન એક્ટની કલમ-૧૨એ,ક્લોઝ-૬.**

---

**અરજદાર તરફે વિ.વકીલશ્રી કે.પી.તુરી,**

**સામાવાળા તરફે વિ.વકીલશ્રી કોઈ નહી.,**

---

**<u>// જજમેન્ટ //</u>**

(૧) અરજદારની અરજી વંચાણે લીધી, અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદાર અરજીમાં જણાવેલ સરનામે રહે છે અને અરજદારની પુત્રી મનિષાબેન દશરથભાઈ બારોટનો જન્મ તા.૦૩/૦૮/૨૦૦૮ ના રોજ ધાનેરા મુકામે થયેલ છે.અરજદારની પુત્રીની જન્મની નોંધણી ધાનેરા સબ રજી.કચેરી(જન્મ મરણ) નોંધણી સબ રજી.કચેરીમાં નોંધણી ક્રમાંક બી૨૦૦૮૨૦૦૭૫૨૨૬ તા.૧૧/૦૮/૨૦૦૮ થી નોંધણી થયેલ છે.અરજદારની પુત્રી મનિષાબેન દશરથભાઈ બારોટની જન્મ તારીખ શાળાના

રેકર્ડે ભુલથી તા.૦૩/૦૫/૨૦૦૮ લખાઈ ગયેલ છે. ખરેખર અરજદારની પુત્રીની ખરી જન્મ તા.૦૩/૦૮/૨૦૦૮ની છે.અરજદારની પુત્રીની શાળામાંથી શાળા છોડ્યા અંગેનુ પ્રમાણપત્ર મેળવેલ તે વખતે તેમની પુત્રીની જન્મ તા.૦૩/૦૫/૨૦૦૮ રેકર્ડમાં જે તે વખતે ભુલથી લખાયેલ.જેથી અરજદારની પુત્રીની અલગ અલગ જન્મ તારીખને કારણે ભવિષ્યમાં કોઈ કારણોસર વિદેશ જવા માટે પાસપોર્ટ કે અન્ય દસ્તાવેજોમાં તકલીફ પડે તેમ હોઈ શાળા દવારા આપવામાં આવેલ લીવીંગ સર્ટીફિકેટમાં અરજદારની પુત્રીની જન્મ તા.૦૩/૦૮/૨૦૦૮ કરવા સારૂ હાલની અરજ કરવાની જરૂર પડેલ છે.

(૨) અરજદાર તરફે આંક–૩ ના લીસ્ટથી માર્ક–૩/૧ થી અરજદારના આધારકાર્ડની ઝેરોક્ષ,માર્ક ૩/૨ થી અરજદારની પુત્રીનો જન્મનો દાખલાની ઝેરોક્ષ,માર્ક ૩/૩ થી અરજદારના પુત્રીના આધારકાર્ડની ઝેરોક્ષ નકલ, માર્ક ૩/૪ થી અરજદારના પુત્રીની ધો–૮ શાળા છોડ્યાના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ, માર્ક ૩/૫ થી અરજદારના પુત્રીની ધો–૧૦ની માર્કશીટ અને ટ્રાયલ સર્ટીની ઝેરોક્ષ નકલ,માર્ક ૩/૬ થી અરજદારના પુત્રીનુ ધો–૧૨ના બોનાફાઈડની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે, જેનાથી પણ અરજીની હકીકતને સમર્થન આપેલ છે.

(3) આ કામે પુરાવા લીસ્ટથી અરજદારે ગુજરાત સેકન્ડરી એજયુકેશન રેગ્યુલેશન એકટની કલમ–૧૨ એ કલોઝ–૬ મુજબની બી.કે.ન્યુઝ દૈનિક પેપરમાં તા.૦૯/૧૦/૨૦૨૫ ના રોજ છપાયેલ અસલ જાહેર નોટીસ રજુ થયેલ છે, જે જાહેર નોટીસ સબંધે આજદિન સુધી કોઈ જ વાંધા અરજી આવેલ નથી.

(૪) અરજદારની અરજીના સમર્થનમાં અરજદારના કુટુંબી સાહેદ પ્રવીણભાઈ રતિલાલ બારોટએ આંક –૧૪થી, અરજદારના કુટુંબી સાહેદ ભરતભાઈ દેવાભાઈ બારોટએ આંક–૧૫ થી, અરજદાર દશરથભાઈ ચંદુભાઈ બારોટએ આંક–૧૬ થી સોગંદ ઉપર પુરાવો આપેલ છે. આ તમામ સાહેદોના સોગંદનામા ધ્યાને લેતાં તેઓએ અરજદારની અરજી તેમજ જુબાનીની

હકીકતને સમર્થન આપેલ છે અને તેમની કોર્ટ તરફથી કરવામાં આવેલ ઉલટ તપાસમાં અરજીમાં જણાવેલ હકીકતથી કોઈ વિરૂધ્ધની હકીકત જણાય આવેલ નથી. તેમજ સામાવાળા નં.૨ તરફે આંક-૨૨ થી સાહેદ સુરેશકુમાર બાબુલાલ જોષીનાઓને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓની જુબાની વંચાણે લેતાં તેઓ છેલ્લા અઢી વર્ષથી શ્રીમતી કેડીઆર પુરોહીત ગાયત્રી વિદ્યાલય,ખીંમતમાં આચાર્યના હોદ્દા ઉપર ફરજ બજાવે છે.તેઓ તેમની સાથે તેઓની શાળાનુ જી.આર.રજીસ્ટ્રર કે જેનો અનુક્રમ નં. ૨૮૮૫ થી શરૂ થઈ ૨૦૨૩ સુધીનુ લાવેલ છે જેમાં અનુ.નં.૩૫૮૧ ઉપર વિદ્યાર્થી તરીકે બારોટ મનિષાબેન દશરથભાઈના નામનો ઉલ્લેખ છે અને જન્મ તારીખ. ૦૩/૦૫/૨૦૦૮ અને જન્મ સ્થળ તરીકે ખીંમત, તા.ધાનેરાનો ઉલ્લેખ થયેલ છે. જે જી.આર.ના સંલગ્ન પેઈજની કમ્પેઈર કરેલી ખરી નકલ રજુ કરેલ છે જે આ કામે આંક- ૨૩ થી રજુ છે. વિધાર્થીને શાળા તરફથી શાળા છોડ્યાનું પ્રમાણપત્ર આપવામાં આવેલ તેની સ્થળપ્રતની આંક-૨૪ થી રજુ છે.સદર શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં વિદ્યાર્થીની જન્મ તારીખનો ઉલ્લેખ છે જેમાં સુધારો બાબતે આ કોર્ટ હુકમ કરે તો તેઓની શાળા ને કોઈ વાંધો નથી. જે જોતાં અરજદારની અરજી તથા જુબાનીને સમર્થન મળે છે.તેમજ સામાવાળા નં. ૩ તરફે આંક-૨૫ થી સાહેદ ઉમેશકુમાર ડાયાલાલ પટેલને સોગંદ ઉપર તપાસેલ છે.તેઓની જુબાની વંચાણે લેતાં તેઓ છેલ્લા છ માસથી જીલ્લા શિક્ષણ અધિકારી કચેરી પાલનપુરમાં મદદનિશ શિક્ષણ નિરિક્ષક તરીકે ફરજ બજાવે છે.જે મુજબ તેઓને એસ.વી.એસ.માં આવેલ શાળાઓમાં નિરિક્ષકની કામગીરી કરવાની હોય છે. અરજદારે તેઓની કચેરીમાં આજથી એકાદ વર્ષ પહેલા તેમના નામમાં સુધારો કરવા માટે અરજી આપેલી. જે અરજી ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનયમાં, ૧૯૭૪ ના વિનિયમ ૧૨(ક)(૬) ની જોગવાઈ ધ્યાને લેતાં વિદ્યાર્થીએ શાળા છોડી દીધા પછી શાળા રેકર્ડની નોંધમાં કોઈ ફેરફાર કરી શકાશે નહી તે જોગવાઈને ધ્યાને લેતાં સદર અરજી નામંજુર કરવામાં આવી. સદર એલ.સી.માં જન્મ તારીખમાં સુધારો બાબતે આ કોર્ટ હુકમ કરે તો સાહેદની કચેરીને કોઈ વાંધો નથી. જે ધ્યાને લેતાં અરજદારની અરજી તથા જુબાનીને સમર્થન મળે છે.તેમજ સામાવાળા નં.૧ તરફે આંક-૨૬ થી સાહેદ કાર્તિકભાઈ દિનેશભાઈ ભાટીયાનાઓને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓની જુબાની વંચાણે લેતાં તેઓ છેલ્લા એક

વર્ષથી ખીંમત પ્રાથમિક શાળામાં આચાર્યના હોદ્દા ઉપર ફરજ બજાવે છે.તેઓ તેમની સાથે તેઓની શાળાનુ જી.આર.રજીસ્ટ્રર કે જેનો અનુક્રમ નં. ૭૮૩૦ સને ૨૦૧૧ થી શરૂ થઈ ૨૦૨૪ સુધીનુ લાવેલ છે જેમાં અનુ.નં.૮૩૦૪ ઉપર વિદ્યાર્થી તરીકે બારોટ મનિષાબેન દશરથભાઈના નામનો ઉલ્લેખ છે અને જન્મ તારીખ. ૦૩/૦૫/૨૦૦૮ અને જન્મ સ્થળ તરીકે ખીંમત, તા.ધાનેરાનો ઉલ્લેખ થયેલ છે. જે જી.આર.ના સંલગ્ન પેઈજની કમ્પેઈર કરેલી ખરી નકલ રજુ કરેલ છે જે આ કામે આંક– ૨૭ થી રજુ છે. વિધાર્થીને શાળા તરફથી શાળા છોડ્યાનું પ્રમાણપત્ર આપવામાં આવેલ તેની સ્થળપ્રતની આંક–૨૪ થી રજુ છે.સદર શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં વિદ્યાર્થીની જન્મ તારીખનો ઉલ્લેખ છે જેમાં સુધારો બાબતે આ કોર્ટ હુકમ કરે તો તેઓની શાળા ને કોઈ વાંધો નથી. જે જોતાં અરજદારની અરજી તથા જુબાનીને સમર્થન મળે છે.

(૫) આમ, માર્ક– ૩/૪ થી રજુ થયેલ અરજદારના લિવીંગ સર્ટીફીકેટમાં અરજદારના પુત્રીની જન્મ તારીખ.૦૩/૦૫/૨૦૦૮ દર્શાવેલ છે, જયારે માર્ક –૩/૨ થી રજુ અરજદારની પુત્રીના જન્મ પ્રમાણપત્રમાં જન્મ તારીખ.૦૩/૦૮/૨૦૦૮ દર્શાવેલ છે. આમ, અરજદારની પુત્રીના શાળા છોડ્યાના પ્રમાણપત્ર તેમજ જન્મ પ્રમાણપત્રમાં જન્મ તારીખ.૦૩/૦૫/૨૦૦૮ તેમજ ૦૩/૦૮/૨૦૦૮ એ રીતે અલગ અલગ જણાય છે.આમ,અલગ અલગ જન્મ તારીખ દર્શાવેલ હોવાના કારણે અરજદારને વિદેશ જવા માટે પાસપોર્ટ કે અન્ય દસ્તાવેજોમાં તકલીફ પડે તેમ હોઈ ,અરજદારની પુત્રીના શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં જન્મ તારીખમાં તા.૦૩/૦૮/૨૦૦૮ મુજબનો સુધારો કરવો જરુરી જણાતો હોય અને આ અદાલતને આવો સુધારો કરવાનો હુકમ કરવાની સત્તા હોઈ તથા અરજદારની અરજીની હકીકત નિઃશંકપણે સાબીત થતી હોય, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>//હુકમ//</u>

(૧) અરજદારની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) સામાવાળા નં.૨ ને હુકમ કરવામાં આવે છે કે,નિયમ મુજબ લેઈટ ફી લઈ અરજદારની નામે મનિષાબેન દશરથભાઈ બારોટના શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં જન્મ તારીખના કોલમમાં તા.૦૩/૦૫/૨૦૦૮ દર્શાવેલ છે તેની જગ્યાએ સુધારીને તા.૦૩/૦૮/૨૦૦૮ એવો સુધારો કરી આપવો.

(૩) અરજદારે જુનુ શાળા છોડ્યાના પ્રમાણપત્ર સામાવાળા નં.૨ પાસે જમા કરાવવી અને તેનો દુરુપયોગ કરવો નહી.

(૪) આ હુકમ અંગે સામાવાળાને જરૂરી યાદી કરવી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

સ્થળ : ધાનેરા
તારીખ : ૦૨/૦૪/૨૦૨૬

**(હરપ્રિત સિંધ)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ ધાનેરા
(કોડ નં. જી.જે.૦૧૪૨૭)